# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 19-12-2024 Day: Thusrday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## રાજ્ય-ખેડુત સહાય:

રાજ્યમાં જુલાઈથી સપ્ટેમ્બર મહિનામાં વરસાદના કારણે અસરગ્રસ્ત થયેલા ખેડૂતોને એક હજાર 732 કરોડ રૂપિયાથી વધુની સહાય ચૂકવવામાં આવી છે.

રાજ્યના કૃષિમંત્રી રાઘવજી પટેલે જણાવ્યું કે, ખેડૂતો માટે જાહેર કરાયેલા બે રાહત ભંડોળ અંતર્ગત દોઢ મહિનામાં 7 લાખ 15 હજારથી વધુ ખેડૂતોને એક હજાર 732 કરોડ રૂપિયાથી વધુની સહાય રકમ સીધા તેમના બૅન્ક ખાતામાં જમા કરાવવામાં આવી છે. આ રીતે ગત પાંચ વર્ષમાં રાજ્યના 38 લાખ 98 હજારથી વધુ ખેડૂતોને 6 હજાર 204 કરોડ રૂપિયાથી વધુની સહાય ચૂકવવામાં આવી હોવાનું પણ કૃષિમંત્રીએ ઉમેર્યું હતું.

-----------------------------------------------------------------------------------------

## ‘ઈ-પાસ સિસ્ટમ’ ગુજરાત એસ.ટી.વિભાગ

**દેશભરમાં ‘ઈ-પાસ સિસ્ટમ’ પ્રથમ વખત જ ગુજરાત એસ.ટી વિભાગ દ્વારા શરૂ કરવામાં આવી છે. રાજ્યમાં બીજા શૈક્ષણિક સત્રથી શરૂ કરવામાં આવેલી ‘ઈ-પાસ સિસ્ટમ’નો અત્યાર સુધીમાં 2 કરોડ 75 લાખથી વધુ વિદ્યાર્થીઓએ લાભ લીધો છે, જ્યારે 70 હજારથી વધુ વિદ્યાર્થીઓ ઓનલાઇન E-Pass કરાવીને ડિજિટલ ગુજરાત અભિયાનમાં સહભાગી થયા છે.**

**જ્યારે ગ્રામીણ ક્ષેત્રમાંથી આવતી વિદ્યાર્થિનીઓને એસ.ટી નિગમ દ્વારા આ પાસ વિનામૂલ્યે આપવામાં આવે છે, જેમાં અન્ય વિદ્યાર્થીઓને પાસ મેળવવા માટે 82.5 ટકા કન્સેશન આપવામાં આવે છે.**

-----------------------------------------------------------------------------------------

## "બાળ લગ્ન મુક્ત ભારત - બાળ લગ્ન મુક્ત કચ્છ" સથવારો મેળો- રાપર

બાળલગ્ન ન થાય અને લોકોમાં જાગૃતિ આવે તે હેતુથી જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી અન્વેય કાર્યરત "બેટી બચાઓ, બેટી પઢાવો" યોજના, ઇશાર સંસ્થા રાપર અને યુનિસેફ ગુજરાતના સંયુક્ત ઉપક્રમે "બાળ લગ્ન મુક્ત ભારત - બાળ લગ્ન મુક્ત કચ્છ" સથવારો મેળો-૨૦૨૪નું રાપર ખાતે આયોજન કરવામાં આવ્યું હતું.

આ જાગૃતિ કાર્યક્રમમાં રાપર તાલુકાની જુદી જુદી શાળાઓ દ્વારા બાળ લગ્ન અટકાવો, ચાલો ફરી શાળાએ, કિશોરી સશક્તિકરણ, મારી મરજી વગર અડશો નહિ" આવા વિવિધ વિષય પર નાટ્યકૃતિ અને સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવ્યા હતા.

જિલ્લા મહિલા અને બાળ અધિકારી અવની દવે તેમજ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી નરેશ ચૌહાણ દ્વારા "બાળલગ્ન અટકાવ અધિનિયમ ૨૦૦૬" અન્વયે બાળ લગ્નોની અસરો, બાળ લગ્નોના કારણો અને તેને અટકાવવાના પગલા તથા કાયદાની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

---

## મીડિયાકર્મી- નિઃશુલ્ક હેલ્થ ચેકઅપ કેમ્પ-ગાંધીધામ

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશનમાં ફીટ ઇન્ડીયા, ફીટ મીડિયાના લક્ષ્ય સાથે રાજ્યભરમાં પત્રકારો માટે હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે આજરોજ રેડક્રોસ ભવન ગાંધીધામ ખાતેના હેલ્થ કેમ્પમાં બહોળી સંખ્યામાં પત્રકારોએ ભાગ લઈને હેલ્થ ચેકઅપ કરાવ્યું હતું.

આ હેલ્થ ચેકઅપ કેમ્પમાં બ્લડ ટેસ્ટ, એક્સ-રે, ઇસીજી સહિતના વિવિધ ટેસ્ટ વિનામૂલ્યે કરી આપવામાં આવ્યા હતાં. ગાંધીધામ ખાતે આયોજિત હેલ્થ કેમ્પમાં વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ ડો.નીમાબેન આચાર્યે જણાવ્યું હતું કે, મીડિયાકર્મીઓની પણ રાજ્ય સરકાર ચિંતા સેવી રહી છે. તેઓના સ્વાસ્થ્ય માટે આયોજીત આ કેમ્પમાં મોટી સંખ્યામાં ભાગ લેનાર જાગૃત મીડિયાકર્મીઓને અભિનંદન પાઠવતા ઉમેર્યું હતું કે, આજના સમયમાં મીડિયાકર્મીઓની ૨૪ કલાકની ડયુટી વચ્ચે તેમનું આરોગ્ય જળવાય તે જરૂરી બન્યું છે. આ હેલ્થ કેમ્પમાં નાયબ માહિતી નિયામક ભુજ કચ્છ સહિત પ્રિન્ટ તેમજ ઈલેક્ટ્રોનિક મીડિયાના કર્મચારીઓ જોડાયા હતા.

---

## વસંત પરેશ-અવસાન:

રાજ્યના ખ્યાતનામ હાસ્ય કલાકાર વસંત પરેશનું 70 વર્ષની વયે અવસાન થયું છે. તેમણે હાસ્ય કલાકારોના જગતમાં પોતાની આગવી ઓળખ બનાવી હતી. જામનગર સહિત દેશભરમાં તેમણે લોકોને મનોરંજન પૂરું પાડ્યું હતું.

---

## ઠંડી-કચ્છ:

ગુજરાતના મોટા ભાગના જીલ્લાઓમાં ઠંડા પવનોના કારણે તાપમાનનો પારો ગગડ્યો છે, ત્યારે હવામાન વિભાગે ગુજરાતના ત્રણ જીલ્લાઓમાં આગામી બે દિવસ સુધી કોલ્ડ વેવની ચેતવણી આપી છે. કચ્છ, પોરબંદર અને રાજકોટમાં કોલ્ડ વેવની ચેતવણી જાહેર કરાઈ છે. હવામાન વિભાગની આગાહી મુજબ  છેલ્લા 24 કલાકમાં નલિયામાં  5.7 અને પોરબંદરમાં 10.9ની કોલ્ડ વેવની સ્થિતિ સર્જાઈ છે. જયારે જીલ્લા મથક ભુજ ખાતે 11.2 ડિગ્રી અને કંડલા 13.7 લઘુત્તમ તાપમાન નોંધાયુ છે.

---

## વેરા નિરીક્ષક,વર્ગ-૩ પરીક્ષા- જાહેરનામું

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા રાજય વેરા નિરીક્ષક,વર્ગ-૩ ની પ્રાથમિક કસોટીની પરીક્ષા આગામી તા.૨૨મી ડિસેમ્બર-૨૦૨૪ના યોજાનાર છે. આ પરીક્ષા દરમિયાન પરીક્ષા કેન્દ્રના સ્થળ તથા તેની આજુબાજુના વિસ્તારમાં સલામતીની વ્યવસ્થા ગોઠવવા માટે પ્રતિબંધાત્મક હુકમો જારી કરાયા છે. આ જાહેરનામા મુજબ  પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં કોઇપણ માર્ગ ઉપર ચોકમાં કે ગલીમાં પાંચ કરતા વધારે લોકોએ એકઠા થવું નહીં, સરઘસો કાઢવા નહીં તેમજ સૂત્રો પોકારવા નહીં. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સહિતા-૨૦૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

---